# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-04-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **અંકિત પ્રજાપતિ** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# GUJ: CAMPAIGNING

ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ત્રીજા કાર્યકાળ દરમિયાન ભારત વિશ્વની ટોચની ત્રણ અર્થવ્યવસ્થાઓમાં સામેલ થશે. આજે ગુજરાતના પોરબંદરમાં એક જાહેર રેલીને સંબોધતા શ્રી શાહે કલમ 370 નાબૂદ કરવા, રામ મંદિરનું નિર્માણ, આતંકવાદ અને નક્સલવાદના ખતરાનો સફળ સામનો કરવા અને શાંતિ લાવવા જેવા ઐતિહાસિક નિર્ણયો માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને શ્રેય આપ્યો હતો. શ્રી શાહે કોંગ્રેસ પક્ષની તેની ધ્રુવીકરણ નીતિઓ અને વોટ બેંકની રાજનીતિ માટે ટીકા કરી હતી. તેમણે દેશમાં હાલના યાત્રા સ્થળોને પુનઃ જીવિત કરવા બદલ નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી. તેમણે એવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભાજપ સતત ત્રીજી વખત ગુજરાતની તમામ 26 બેઠકો પર વિજયી બનશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તે ભાજપ સરકાર છે જેણે ગુજરાતના વરસાદી વિસ્તારોમાં પાણીની કટોકટીનો સામનો કર્યો અને રાજ્યમાં સમૃદ્ધિ લાવી.

બીજી તરફ, કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ આજે વલસાડ જિલ્લાના ધરમપુરમાં એક રેલીને સંબોધિત કરી હતી, જ્યાં તેમણે છેલ્લા 10 વર્ષથી ગરીબ અને આદિવાસી લોકો પ્રત્યેના અન્યાય માટે ભાજપ સરકારની ટીકા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે જો કોંગ્રેસ પક્ષ સત્તામાં આવશે, તો તે આદિવાસી લોકો માટે વિશેષ બજેટ ફાળવશે અને તેના ઢંઢેરામાં ખાતરી આપ્યા મુજબ ગરીબો, ખેડૂતો અને દલિત લોકોના કલ્યાણ માટે કામ કરશે. તેમણે દેશમાં 30 લાખ બેરોજગાર યુવાનોને રોજગાર આપવા અને ગ્રામીણ વિસ્તારોમાં મનરેગાની જેમ શહેરી વિસ્તારોમાં 100 દિવસની ગેરંટીવાળી

રોજગારી સુનિશ્ચિત કરવાનું પણ વચન આપ્યું હતું. તેમણે મોંઘવારી અને બેરોજગારી જેવા જટિલ મુદ્દાઓ પર પણ શાસક પક્ષ પર પ્રહારો કર્યા.

.................

# AAM ADAMI PARTY

આમ આદમી પાર્ટીના રાજ્યસભાના સાંસદ સંજય સિંહે ભરૂચ લોકસભા બેઠકના ઉમેદવાર ચૈતર વસાવા સાથે અંકલેશ્વરમાં ચૂંટણી પ્રચાર કર્યો. તેમણે ડોર ટુ ડોર જઇને પ્રચાર કર્યો હતો. આ પ્રસંગે આમ આદમી પાર્ટીના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

..................................

# GUJARAT CHUNTANI PRACHAR

જાણીતા ફિલ્મ અભિનેતા અનુપમ ખેરે ગાંધીનગરમાં મહાત્મા ગાંધી મંદિરે યોજાયેલા એક કાર્યક્રમમાં  હાજરી આપી હતી.

આ પ્રસંગે પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે તમામ લોકોને મોટી સંખ્યામાં મતદાન કરવાની અપીલ કરી હતી. તેમણે રામ મંદિરને ભારતની ધરોહર ગણાવ્યું હતું, અને દેશના તમામ નાગરિકોને રામ મંદિરના દર્શન કરવાની વાત કરી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે ભારતે વિશ્વ કક્ષાએ એક અલગ ઓળખ ઉભી કરી છે.

આવતીકાલે કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથ સિંહની ઉપસ્થિતિમાં અમદાવાદના વસ્ત્રાલમાં ઉત્તર ભારતીય સંમેલન તથા સાંજે મેઘાણીનગરમાં બિહાર સમાજનું સંમેલન , તથા નિકોલમાં કર્ણાટક

સમાજનું સંમેલન યોજાશે. જેમાં મોટી સંખ્યામાં વિવિધ સમાજના લોકો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં અમદાવાદ શહેર અને જિલ્લાના ભાજપ અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

-----------------

## Voting Awareness- DISTRICT

રાજયમાં આગામી લોકસભા ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે હેતુથી ચૂંટણીતંત્ર દ્વારા વ્યાપક મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

નર્મદા જિલ્લામાં રાજપીપલામાં શિક્ષકો દ્વારા મતદાન જાગૃતિ અંગે અનોખુ શેરી-નાટક ભજવ્યું હતું. જેની વિષયવસ્તુ હતી "હુ છુ જાગૃત નાગરિક, હુ અવશ્ય મતદાન કરીશ અન્યને મતદાન કરવા પ્રેરિત કરીશ,".આ ઉપરાંત વિવિધ વેશભૂષા તથા ગરબાના માધ્યમથી પણ જાહેર જનતાને મતદાન માટે જાગૃત કરવાનું કાર્ય કરવામાં આવ્યું હતું.

છોટાઉદેપુર જિલ્લામાં સોશિયલ મીડિયાના માધ્યમથી મતદાન જાગૃતિ હાથ ધરાઈ. જે માટે પાવીજેતપુર સ્થિત એમ.સી.રાઠવા કોલેજ અને છોટાઉદેપુર સ્થિત એસ.એફ.હાઈસ્કૂલ ખાતેથી YOUTUBE ના માધ્યમથી કોલેજ એમ્બેસેડર દ્વારા મતદાન અંગે જાગૃતતા ફેલાવતો સંદેશ આપવામાં આવ્યો હતો.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ દીવના મતદારોમાં જાગૃતિ લાવવા માટે એન્જીનીયરીંગ અને પોલીટેકનિકના વિદ્યાર્થીઓ 'ચૂંટણી ગીત' ગાઈ લોકોને મતદાન કરવા માટે પ્રેરિત કરી રહ્યા છે. જેનું નામ છે ‘મેરા વોટ

મેરી શક્તિ'.  આ સાથે દમણના અનેક વિસ્તારોમાં ચૂંટણી વિભાગ દ્વારા સ્વીપ અને મતદાર જાગૃતિ કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યો છે. જેમાં વોટર દીદી માસ્કોટ પણ જાગૃતિનું કામ કરી રહ્યા છે.

તેવી જ રીતે મહેસાણા જિલ્લામાં પોલીસ પરેડ મેદાન ખાતે મતદાન જાગૃતિ માટે  સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

-------------------------

## GIR SOMNATH-CHUNTANI SAMVAD

ગીર સોમનથ જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ દિવ્યાંગ મતદારો સાથે મતદાન જાગૃતિ સંવાદ યોજાયો.

જિલ્લાના વેરાવળ, ઉના, કોડીનારમાં દિવ્યાંગ મતદારો સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા ચૂંટણી અધિકારી દિગ્વિજયસિંહ જાડેજાએ સક્ષમ એપના માધ્યમથી દિવ્યાંગ મતદારોને મળતી સવલતો વિશે જણાવ્યું હતું.

.................

## RAJKOT-MATDAR KAPLI VITRAN

રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ આજે મતદારોને મતદાર કાપલીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

ઉપલેટા તાલુકાના કોલકી ગામે  મતદાર માહિતી કાપલી તથા મતદાર માર્ગદર્શનનું બી.એલ.ઓ. દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું.

--------------------

## Cannes Film Festival- manthan film

77માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ-2024માં સ્ક્રીનિંગ માટે ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન -GCMMFની ફીચર ફિલ્મ "મંથન" પસંદ કરવામાં આવી છે. આ ફિલ્મને દિગ્દર્શક શ્યામ બેનેગલ દ્વારા વર્ષ 1976માં બનાવવામાં આવી હતી. જે માટે GCMMFના તમામ પાંચ લાખ ડેરી ખેડૂતોએ 2-2 રૂપિયા આપ્યા હતા જેથી  રૂ.10 લાખના ખર્ચે બનેલી "મંથન" પ્રથમ ક્રાઉડફંડેડ ભારતીય ફિલ્મ હતી.

ઉલ્લેખનીય છે કે અમૂલ બ્રાન્ડના નામ હેઠળ દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ કરતી GCMMF હાલ તેમની સુવર્ણ જયંતી ઉજવી રહ્યું છે આ માઈલસ્ટોનને યાદ કરવા માટે ફેડરેશને ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન કે જે બિન- લાભકારી સંસ્થા છે તેની સાથે હાથ મિલાવ્યો છે, જે મંથન ફિલ્મને 4Kમાં રિસ્ટોર કરશે. જેને કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં રેડ કાર્પેટ પર રજૂ કરાશે.

GCMMFના મેનેજિંગ ડિરેક્ટર જયેન મહેતાએ જણાવ્યું કે, "મંથન ભારતીય શ્વેત ક્રાંતિના પ્રણેતા ડો. વર્ગીસ કુરિયનની અગ્રણી દૂધ સહકારી ચળવળથી પ્રેરિત છે. તેણે દેશભરના લાખો ખેડૂતોને સ્થાનિક સહકારી ડેરી

બનાવવા માટે પ્રેરિત કર્યા છે અને ભારતને દૂધ ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવામાં મોટું યોગદાન આપ્યું છે.

----------------

## GUJ _ WEATHER

ગુજરાતમાં ફરી એકવાર ગરમીનો પારો વધી શકે છે. આગામી ચાર દિવસમાં વિવિધ જિલ્લાઓમાં લૂની સ્થિતિ રહેશે. હવામાન વિભાગ અનુસાર આગામી ચાર દિવસમાં રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં હવામાન સૂકું રહેશે. જેને કારણે ગરમીનો પારો સતત ઉપર જઈ રહ્યો છે. શુક્રવારે રાજ્યના વિવિધ ભાગોમાં તાપમાન 40થી 41 ડિગ્રી સુધી નોંધાયું હતું. જેમાં ગાંધીનગર, રાજકોટ, સુરેન્દ્રનગરમા તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ ...જ્યારે કે અમરેલી, વલ્લભ વિદ્યાનગર, વડોદરામાં 40 ડિગ્રી સેલ્સસિયસ તપમાન નોંધાયું હતું.

શુક્રવારે ભયંકર ગરમી બાદ રાજ્યના વિવિધ ભાગોમાં કમોસમી વરસાદની સ્થિતિ સર્જાઈ છે. જેમાં બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ખેડા ઉપરાંત દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ....છોટાઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ તેમજ – દીવ-દમણ અને દાદરા નગર હવેલીના કેટલાક ભાગોમાં હળવો વરસાદ વરસ્યો હતો. આ સિવાય સૌરાષ્ટ્ર અને કચ્છના અંતરિયાળ ભાગોમાં પણ છૂટો છવાયો વરસાદ અનુભવાયો હતો.